ગુજરાતની ૧૪ બેઠકો પર તીવ્ર રસાકસી, ૧૨ બેઠકો ભાજપ માટે સરળ

ગાંધીનગર

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પૈકી ૧૪ બેઠકોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીવ્ર રસાકસી છે જ્યારે ૧૨ બેઠકો એવી છે કે તે ભાજપ માટે જીતવી સરળ છે. રાજ્યની જે બેઠકોમાં ફાઈટ છે તેમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

જ્યાં તીવ્ર ફાઈટ છે તેવી બેઠકો-- કચ્છ, સુરેન્દ્રનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, આણંદ, દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી અને વલસાડ.

ભાજપ માટે સરળ છે તેવી બેઠકો-- ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, રાજકોટ, જામનગર, ભાવનગર, ખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને નવસારી.

બન્ને પાર્ટીઓ વચ્ચે જ્યાં રસાકસી છે તેવી બેઠકો પૈકી ૧૦ બેઠકો એવી છે કે જ્યાં એક જ જ્ઞાતિના ઉમેદવારો ઉભા છે. બનાસકાંઠામાં આંજણા ચૌધરીઓ વચ્ચે જંગ છે. પાટણ અને સાબરકાંઠામાં ઠાકોર સમુદાયના ઉમેદવારો સામસામે છે. મહેસાણા, અમરેલી અને પોરબંદરમાં પાટીદારો વચ્ચે સ્પર્ધા છે. સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં કોળી ઉમેદવારો વચ્ચે દંગલ છે. રાજ્યમાં ચાર એસટી બેઠકો જેમાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી અને વલસાડ આવે છે ત્યાં એસટી વચ્ચે જંગ છે જ્યારે એસસી ની બેઠકો વચ્ચે ટક્કર છે. એકમાત્ર આણંદ બેઠક એવી છે કે જ્યાં અલગ અલગ જ્ઞાતિના ઉમેદવારો છે.

કોંગ્રેસનો ઝૂકાવ ઓબીસી અને પાટીદારો તરફ...

ગુજરાતમાં હંમેશા લોકસભાની ચૂંટણી જ્ઞાતિવાદના આધારે લડાય છે અને જીતાય છે. રાજ્યની બન્ને પાર્ટીઓ દ્વારા સૌથી વધુ વસતી છે તેવી જ્ઞાતિના ઉમેદવરોને ચૂંટણી લડવાની ટિકીટ આપી છે. ભાજપની જેમ કોંગ્રેસે પણ સૌથી વધુ ૯ ઓબીસી અને ૮ પાટીદાર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ગુજરાતમાં ભાજપે એકપણ મુસ્લિમ ઉમેદવારને ટિકીટ આપી નથી પરંતુ કોંગ્રેસે ભરૂચની બેઠકમાં મુસ્લિમ ઉમેદવાર ઉભો રાખ્યો છે. એ ઉપરાંત કોંગ્રેસના ઉમેદવારોમાં એક વણિક છે. એક ક્ષત્રિય છે. બે એસસી અને ચાર એસટી ઉમેદવારો છે. કોંગ્રેસમાં સૌથી વધુ ૨૦ ઉમેદવારો એવા છે કે જેઓ પ્રથમવાર લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. માત્ર છ ઉમેદવારોએ અગાઉ લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે. પહેલીવાર કોંગ્રેસે આઠ પાટીદાર નેતાઓને લોકસભાની ટિકીટ આપી છે.

...તો ગુજરાતમાં ૧૩ બેઠકોમાં પેટા ચૂંટણી થશે

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસે તેમના વર્તમાન ધારાસભ્યોને ટિકીટ આપી છે. જો તેઓ જીતે તો રાજ્યમાં વિધાનસભાની ૧૩ બેઠકોની પેટાચૂંટણી આવી શકે છે. ભાજપે ચાર અને કોંગ્રેસે નવ ધારાસભ્યોને લોકસભાની ટિકીટ આપી છે. રાજ્યમાં લોકસભાની ટિકીટ નહીં મળવાના કારણે ભાજપની ૧૦ બેઠકો તેમજ કોંગ્રેસની ૧૨ બેઠકો પર પાર્ટીના આગેવાનો તેમજ કાર્યકરોની નારાજગી જોવા મળી રહી છે. ભાજપે તેના ૧૬ સાંસદોને રિપીટ કર્યા છે. જ્યારે કોંગ્રેસે ૫૦ ટકા ઉમેદવારો એવા પસંદ કર્યા છે કે જેઓ અગાઉની ચૂંટણીઓ હારી ચૂક્યાં છે. કોંગ્રેસને સિટી વિસ્તાર એટલે કે અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ભાવનગર, વડોદરા, સુરત અને રાજકોટમાં જાણીતા ચહેરા મળ્યા નથી.

આકરી ગરમીના દિવસો શરૂ થતા નગરનુ જનજીવન હીટવેવથી પ્રભાવિત થયુ છે. ઓફિસ અને ઘરોમાં એ સી ની શીતલહેર વચ્ચે હાઈસોસાયટીના સભ્યો ગરમીની મોસમને એન્જોય કરી રહ્યા છે. પરંતુ ખુલ્લા આકાશ નીચે બસેરો કરતા શ્રમિકો માટે વિશેષ કોઈ વિકલ્પ હોતો નથી ઠંડીમાં તાપણુ તો ગરમીમાં નાનુ અમથુ શમિયાણુ બાંધીને આકરા તાપથી બચવા સાંધા કરવા પડે છે. દયાજનક હાલતમાં પણ દમદાર રહેતા શ્રમિકોને મદદરૂપ થવા માટે નગરના સેવાભાવીઓ પણ ક્યારેક ડોકિયુ કરી જાય છે. પરંતુ અંગારા વરસાવતા આકાશને ઢાંકવા માટે ખાટલાને છત બનાવીને હોટ સમરને એન્જોય કરતા આ નાનપણની તાસિરમાં જ કાંઈક ગજબ ખુમારી જોવા મળી રહી છે. જીવનની પ્રત્યેક પળે આવનારી તકલીફોનો જી જાનથી સામનો કરવાનો મિજાજ દેખાડે છે.

આર ટી ઈ અન્વયે નગરની ૪૩ શાળાઓમાં ધો-૧માં બાળકોને વિના મુલ્યે પ્રવેશ અપાશે

આગામી તા ૧૫ એપ્રિલ સુધી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરાશે : શહેરી વિસ્તારમાં ફોર્મ સ્વીકારવા માટે ૬ કેન્દ્રો

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે નગરની ૪૩ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા માટે હાલ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. આગામી તા ૧૫ એપ્રિલ સુધી ફોર્મ ભરવાની કામગીરી ચાલશે. રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે ધો -૧ માં વિવિધ કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવે છે. જે મુજબ આગામી તા ૧ જુનના રોજ પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકને ધો -૧ માં આર ટી ઈ અન્વયે પ્રવેશ આપવા માટે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ધો -૧ માં એક વર્ગખંડના વિદ્યાર્થીઓની સામે ૨૫ ટકાને આ યોજના મુજબ પ્રવેશ આપવાનો રહે છે. ગત વર્ષોમાં પણ આર ટી ઈ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે જિલ્લા શિક્ષણતંત્રએ વિશેષ રસ દાખવી ચોકસાઈ પણ કરી હતી. જેના લીધે આર ટી ઈ ની યોજનાને આમ નાગરિકોમાં વેગ મળ્યો છે. તેમજ તેના લાભાર્થીઓ પણ વિશેષ પ્રમાણમાં સરકારની આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. ધો -૧ થી ૮ સુધી શાળામાં વિના મુલ્યે શિક્ષણ તેમજ ગણવેશ સહીતની સઘળી સુવિધાઓ પુરી પાડતી આ યોજના અન્વયે બી પી એલ પરિવારના બાળકો સહીત ગ્રામ્ય વિસ્તારમાં રૂ ૧.૨૦ લાખ તેમજ શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારના બાળકો તેમજ અનાથ બાળકોની સંભાળ, બાલગૃહના, ખાસ જરૂરીયાતવાળા, શારિરીક

● અનુસંધાન પાન-૭ પર

આકરી ગરમીની શરૂઆત સાથે જ શહેરમાં વિજળીનો વપરાશ બેવડાયો

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરમાં વિકાસના નવા આયામો વચ્ચે નગર

આડા દિવસોમાં ૩૦ મેગાવોટ વપરાશ જ્યારે હાલ ૬૫ મેગા વોટની ડિમાન્ડ

હાઈટેક બન્યુ છે. જ્યારે શહેરના વિકાસ વચ્ચે વધતી વસતી સાથે માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં આકરા ઉનાળે પાણીનો વપરાશ વધે છે. જયારે ગરમીમાં ઠંડા.. ઠંડા.. કુલ.. કુલ.. રહેવા માટે ઓફિસ અને ઘરોમાં સતત એ સી પણ ધમધમતા જોવા મળે છે. શહેરના મોટાભાગના ઘરોમાં એ સી નો ઉપયોગ કોમન બન્યો છે. જેના લીધે શહેરમાં ગરમીના દિવસોમાં વિજળીનો વપરાશ પણ બેવડાયો છે. આડા દિવસોની સાપેક્ષમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીના દિવસોમાં ૬૫ મેગાવોટ વિજળીનો વપરાશ થાય છે. હજુ આગામી દિવસોમાં આ વિજપ્રવાહની માંગ વધે તેવી શક્યતા પણ છે.

ગાંધીનગર શહેરમાં આકરી ગરમીના દિવસોમાં વિજળીનો

● અનુસંધાન પાન-૭ પર

બે ડમી ઉમેદવાર સહિત ૧૧ ઉમેદવારીપત્રો રદ

ગાંધીનગર બેઠક પર હવે ૩૪ ઉમેદવારો : ઉમેદવારીપત્ર સોમવારે બપોરે ૩ વાગ્યા સુધી પાછા ખેંચી શકાશે

૩૪ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા તેમાં ૨૩ અપક્ષ ઉમેદવારો

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે ઉમેદવારીપત્રોની ચકાસણીને અંતે ૩૪ ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે.

જે ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે તેમાં ભાજપ, કોંગ્રેસ, બસપા ઉપરાંત ૮ ઉમેદવારો નોંધાયેલા રાજકીય પક્ષોના ઉમેદવારો છે. જ્યારે ૨૩ અપક્ષ ઉમેદવારો છે. ગાંધીનગર બેઠક પર ૨૩ અપક્ષ ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે. જેમાં એક મહિલા ઉમેદવારનો પણ સમાવેશ થાય છે. સોમવારે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ દિવસે કેટલા ઉમેદવારો મેદાનમાં રહે છે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ગાંધીનગર બેઠક પર ૩૪ ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય થયા છે જેમાં ૮ નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવાર છે તેમાં ઈન્ડિયન બિઝનેશપાર્ટી, પીપલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (ડેમો), જનસત્ય પથ પાર્ટી, હિન્દુસ્તાન નિર્માણ દળ, ગરવી ગુજરાત પાર્ટી, બહુજન મુક્તિ પાર્ટી, રાઈટ ટુ રિકોલ પાર્ટી, બહુજન સુરક્ષાદળનો સમાવેશ થાય છે.

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર બેઠક માટેના ચૂંટણી જંગને લઈ આજે હાથ ધરાયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી દરમ્યાન ૧૧ ફોર્મ રદ જાહેર કરવામાં આવ્યા હતા.

રદ કરાયેલા આ ફોર્મમાં બે મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ અને કોંગ્રેસના ડમી ઉમેદવારો વાડીભાઈ પટેલ અને બળદેવજી ઠાકોરનો પણ સમાવેશ થાય છે.

નવ ઉમેદવારોના ઉમેદવારીપત્રો વૈધાનિક કારણોસર રદ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે ૪૫ ઉમેદવારોએ ૫૨ ફોર્મ રજુ કર્યા હતા. આજે ૧૧ ઉમેદવારીપત્રો રદ થતાં હવે ૩૪ ઉમેદવારો મેદાનમાં રહે છે.

ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની પ્રક્રિયાનો પણ આજથી પ્રારંભ થયો છે, જોકે મોડી સાંજ સુધી અર્થાત ઓફિસ સમય સુધી એક પણ ઉમેદવારી પત્ર પાછુ ખેંચાયુ નથી. સોમવારે બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે.

જે નવ ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થયા છે તેમાં શેખ મહમદ હનીફ, બળદેવભાઈ પટેલ, પુરૂષોત્તમભાઈ પટેલ (કાનાણી), ઈરફાનખાન પઠાણ, રાજેશ ધીર, ગુણવંતભાઈ પરમાર, સુરેશભાઈ પારઘી, બાગબાન મહમદ શાહનવાજ, શેખ ફાતીમા બીબીનો સમાવેશ થાય છે.

ઉમેદવારીપત્રોની ચકાસણી જિલ્લા કલેક્ટર વ જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાની કચેરીમાં હાથ ધરવામાં આવી હતી. ત્રણ કલાક સુધી ચાલેલી આ ચકાસણીની પ્રક્રિયા દરમ્યાન ગાંધીનગર બેઠક પર નિમાયેલા બે સામાન્ય નિરીક્ષકો હરવિન્દરસિંહ તથા ભૂપિન્દરસિંહ પાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આજે રદ થયેલા ઉમેદવારીપત્રોમાં એક મહિલા ઉમેદવારનું પણ ઉમેદવારીપત્ર રદ થવા પામ્યુ છે જે નોંધનીય છે.

ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા રજુ થયેલ સોગંદનામા પર વાંધા મુદ્દા રજુ થયા

સુનાવણીની કાર્યવાહીને અંતે વાંધા-મુદ્દા ચૂંટણી અધિકારીએ ફગાવ્યા

ગાંધીનગર, તા. ૫

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી દરમ્યાન ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા રજુ થયેલા સોગંદનામાને લઈ સામસામી વાંધા મુદ્દા ચૂંટણી અધિકારી સમક્ષ રજુ થયા હતા.

આ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો દ્વારા રજુ થયેલા વાંધા મુદ્દાને ચૂંટણી અધિકારી દ્વારા ફગાવી દેવાયા હતા અને બન્ને ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય જાહેર કરાયા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ અંગે સુનાવણીની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી અને તે પછી આ મુદ્દાઓ ફગાવી દેવાયા હતા.

બે કલાકથી વધુ સમય સુધી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારીપત્રોની ચકાસણીની પ્રક્રિયા ચાલી હતી જેમાં આ બે પક્ષોના ઉમેદવારોના સોગંદનામાને લઈ રજુ થયેલ વાંધા-મુદ્દાઓ જ છવાયેલા રહ્યા હતા.

ભારતીય જનતા પક્ષના ગાંધીનગર બેઠક પરના ઉમેદવાર અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત

● અનુસંધાન પાન-૭ પર

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI
NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT - 1989
APPLICATION NO. 2208 of 2017

Shri Sukhbinder Singh Paramjit S/o. Paramjit Singh ... Applicant
V/s
Danish Khan ... Opp.Party
And
Universal Sompo General Insurance Co. Ltd. ..... Insurance

To,
Danish Khan
132, Maroli Bazar, Maroli,
Tal: Jalalpore, Navsari, Gujrat - 396421

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 06 on 02/05/2019 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 30/03/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001
Court Seal

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com